પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬૦ | ૧૧ મે, ૨૦૧૯, શનિવાર; વૈશાખ સુદ-૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


## ન્યુઝ ટ્રેક

### સ્ટેટ બેંકની લોન સસ્તી થઈ

દેશની સૌથી મોટી બેંક ભારતીય સ્ટેટ બેંકે આમ જનતાને રાહત આપી લોન સસ્તી કરવાનો નિર્ણય કર્યો છે. ગયા વર્ષના ચોથા કવાર્ટરમાં બેંકે ૮૩૮ કરોડ રૂ.નો ફાયદો કર્યો છે.

### એમેઝોને મૂન મિશનનું અનાવરણ કર્યું

એમેઝોનના સીઈઓ જેફ બેજોસે પોતાના પ્રથમ મૂન મિશનનું અનાવરણ કર્યું છે. તેમાં તેઓએ કંપનીના બ્લૂ ઓરિજિન સ્પેસ પ્રોગ્રામ હેઠળ તૈયાર કરેલા નવા રોકેટ એન્જિન અને અંતરિક્ષયાન રજૂ કર્યું. તેઓએ ડેટ લાઈન સાથે પ્રોજેકટ પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો છે.

### જમ્મુ-કાશ્મિર હાઈવે રવિવારે નાગરિકો માટે બંધ રહેશે

જમ્મુ-કાશ્મીર રાજમાર્ગ પર નાગરિક વાહનો પરનો પ્રતિબંધ હવે માત્ર રવિવારે રહેશે. ભારે વિરોધના કારણે સરકારે આ નિર્ણય લીધો છે. પુલવામા હુમલા બાદ હાઈવે પર પ્રતિબંધ મુકાયો હતો.

# અયોધ્યા મામલે મધ્યસ્થ પેનલને સુપ્રિમની મહેતલ

**સર્વોચ્ચ અદાલતના રજિસ્ટ્રાટરને ૬ મેના રોજ આ રિપોર્ટ સિલબંધ કવરમાં સોંપી દેવાયો છે : મધ્યસ્થતા પેનલને ૧૫મી ઓગસ્ટ સુધી મહેતલ : પાંચ જજની બંધારણીય બેચ દ્વારા અંતે આદેશ કરાયો : સંવેદનશીલ મામલો વર્ષોથી પેન્ડીંગ છે જેથી થોડોક સમય આપવામાં કોઈ જ વાંધો નથી : સુપ્રિમ**

નવી દિલ્હી,તા. ૧૦

સુપ્રિમ કોર્ટે અયોધ્યા વિવાદને ઉકેલવા માટે મધ્યસ્થતા પેનલને ૧૫મી ઓગસ્ટ સુધીની મહેતલ આપી દીધી છે. સુપ્રિમ કોર્ટમાં ટુંકા ગાળામાં સુનાવણી થઈ હતી. બાબરી મસ્જિદ-રામ જન્મભૂમિ મામલાને મધ્યસ્થતા માટે મોકલવાના બે મહિના બાદ સુપ્રિમ કોર્ટે આજે રાજકીય રીતે સંવેદનશીલ આ મામલામાં સુનાવણી કરી હતી. ત્રણ મિનિટના ગાળામાં સુનાવણી પૂર્ણ કરી લેવામાં આવી હતી. રામ મંદિર મામલામાં મધ્યસ્થી કમિટીએ સુપ્રિમ કોર્ટ પાસેથી ૧૫મી ઓગસ્ટ સુધીનો સમય માંગ્યો હતો. સુપ્રિમ કોર્ટે આના માટે પણ



તૈયારી બતાવી હતી. બાબરી મસ્જિદ મામલામાં સુનાવણીને લઈને તમામ લોકોની નજર આજે કેન્દ્રિત થઈ ગઈ હતી.

જોકે સુપ્રિમ કોર્ટે મિનિટોના ગાળામાં જ સુનાવણી પૂર્ણ કરી લીધી હતી. આ મામલાની સુનાવણી સીજેઆઈ રંજન ગોગોઈ, જસ્ટીસ એસએ બોબડે, જસ્ટીસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટીસ અશોક ભૂષણ અને જસ્ટીસ એસ અબ્દુલ નઝીરની બેચ દ્વારા હાથ ધરાઈ હતી. પાંચ જજની બંધારણીય બેચ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે પેનલની એવી માંગને સ્વીકારી લીધી હતી કે તેમને ઓછામાં ઓછો ત્રણ મહિનાનો સમય આપવામાં આવે. જોકે કેટલાક હિન્દુ પક્ષકારોએ આ પ્રક્રિયા પર વાંધો ઉઠાવ્યો હતો. જ્યારે મુસ્લિમ પક્ષકારોએ આની સામે તરફેણની વાત કરી હતી. સુનાવણી દરમિયાન સીજેઆઈ રંજન ગોગોઈએ કહ્યું હતું કે અમને મધ્યસ્થતા કમિટી તરફથી અહેવાલ મળી ગયો છે. અહેવાલને અમે વાંચી ચુકયા છીએ. હાલમાં જ સમજૂતિની પ્રક્રિયા ચાલી રહી છે. જસ્ટીસ (નિવૃત્ત) કલીકુલ્લાના અહેવાલ

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાનમાંથી ભારતમાં વિદેશનું વિમાન ઘુસ્યું

**આઈએએફની કાર્યવાહી બાદ ઉતરાણ થયું : સુખોઈ વિમાને પીછો કર્યા બાદ વિમાનને ઉતરાણની ફરજ**

જયપુર, તા. ૧૦

ભારતીય સરહદમાં આજે ખોટા રસ્તાથી ઘુસી ગયેલા એક વિદેશી વિમાનને હવાઈ દળના એર ડિફેન્સ સિસ્ટમે ઈન્ટરસેપ્ટ કર લીધા બાદ તરત જ કાર્યવાહી કરવામાં આવી હતી. જેના લીધે વિમાનને જયપુરમાં ઉતરાણ કરવાની ફરજ પડી હતી. પાકિસ્તાન તરફથી ભારતીય સરહદમાં વિદેશી વિમાન ઘુસી ગયું હતું પરંતુ સાવધાન થયેલા આઈએએફ દ્વારા તેનો પીછો કરીને વિમાનને નીચે ઉતારવાની ફરજ પાડી હતી. આ વિમાન કચ્છના રણમાં સ્થિત એક એરબેઝના ૭૦ કિલોમીટરના અંતરથી ભારતથી એર સ્પેસમાં પ્રવેશ કરી ગયું હતું. એરબેઝને સામાન્ય જનતા માટે બંધ કરવામાં આવ્યું હતું. તરત જ એરફોર્સ દ્વારા ટીમ મોકલવામાં આવી હતી. જેમાં તપાસ કરવામાં આવી હતી. કાર્ગો વિમાનમાં શું હતું તેને લઈને ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. એરફોર્સના પ્રવક્તા કેપ્ટન ગ્રુપ અનુપમ બેનર્જીએ કહ્યું છે કે બપોરમાં જ્યોર્જિયાના એન-૧૨ વિમાનને કરાંચીથી દિલ્હી માટે મંજુરી મળી હતી પરંતુ વચ્ચે રસ્તો બદલી દેવામાં આવ્યો હતો અને

● અનુસંધાન પાન-૭ પર


FOR SALE BUNGALOW
WITH FIX FURNITURE
Sector-22, 135 Sq. Mtr.
Ground Floor 2Bhk
1st Floor 1Bhk
2nd Floor Cabin
470/1, Indraprasth Society,
Near Gh-6 Corner,
Contact: 9328832905
1.30Cr. (Negotiable)

કેરી માટે અગત્યની જાહેરાત
ફળોના રાજા કેરી માટે
રત્નાગીરી આફુસ કેરી તથા કેસર
કેરીના ભાવમાં ધરખમ ઘટાડો
મળો : રહીમચાચા
ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, રૂપકલા જ્વેલર્સની બાજુમાં,
સેક્ટર-૨૧, ગાંધીનગર
સોમવારે દુકાન ચાલુ રહેશે




Param Automobiles
• Gandhinagar : 7069075809, 9925006035 • Kalol : 9925006552, 9925007422 • Dehgam : 9925006035










